# ઈલ્મે ઈમામ (અ.સ.)

આલે મોહંમદ (સ.અ.) નાં સિલસિલાનાં પાંચમાં ફાતેમી ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની કુન્નિયત અબુ અબ્દિલ્લાહ હતી. આપ આપના ઝમાનમાં તમામ લોગોથી ઝિયાદહ આલિમ હતા. આપે શરીઅતના હલાલો હરામનાં ઈલ્મને ખાસો આમ તક પહોંચાવવામાં કિલીદી-ચાવીરૂપ કિરદાર અદા કીધો. આપની હઝરતે આલીયાહ ઈમામીયાહમાં મોટા મોટા આલિમો જેઓએ ઈમામુલ મુસ્લેમીન હોવાનો દાવો કીધો તેઓ આપ મૌલાથી ઈલ્મી ફાયદો લેવા, તેમજ શરઈ સવાલ જવાબ કરવા આવતા હતા. આપનું બૈતુશ્શરફ ઈલ્મના તાલેબતો-તલબગારોથી પુર થઈ જાતું. તેમાં અબુ હનીફતુન્નોઅમાન બિન સાબિત અલ-કૂફી, માલિક બિન ઉન્સ અલ-મદની, સુફયાન બિન ઉય્યનાહ, સુફયાન સૂરી, હય્ય બિન સાલેહ, અય્યુબ અસ-સિજીસ્તાની, ઉમરો બિન દીનાર અને અવામના બીજા આલિમો આપના દર પર પધારતા. આપના દરબારમાં મિસ્લે સાઈલ બેસતા. **આલમે ઇસ્લામમાં આપના ઇલ્મ, ફઝાઇલ, પરહેઝગારી** એ મુજબ મશ્હૂરો માઅરૂફ હતી કે, ખાસો આમ માંથી કોઈ પણ આપના મકામથી લાઈલ્મ કે આપના ફઝલનો મુન્કિર ન્હોતો. આપે શરીઅતના હલાલો હરામ, **ફેસલાઓ અહકામ અને આલે મોહંમદ (સ.અ.) જ ઇમામતનાં મકામનાં વારિસ છે,** અલ્લાહે તેઓને જ આ દરજા વાસ્તે ખાસ કીધા છે, તે લોગોમાં આશકાર કીધું. ઝુર્રીયતે મોહંમદીમાં ઈમામતનાં હક્કને સાબિત કીધો અને જે લોગોએ ગલત દાવા કીધા, જેઓ દરજએ ઈમામત ને લાયક નહોતા, એ તમામના જૂઠ અને બનાવટને ખુલ્લમ ખુલ્લા સરીહન લોગોમાં કુરઆની દલીલો અને બુરહાનો હુજ્જતથી આશકાર કરી સિરાતે મુસ્તકીમ કૌન છે એ ઝાહિર કરી બતાવું. આપના ઝમાનમાં ઘણા ખોટા આલિમો હતા જે હકીકતન જાહિલો હતા, તેઓએ આલે મોહંમદના ઓલમા હોવાનો દાવો કીધો તો આપે એ લોગોનાં દાવાને દરોગ-ફરૈબ બતાવીને ઓલમા ફક્ત આલે મોહંમદ જ છે અને ઉલુલ અમ્ર તે આલે રસૂલ (સ.અ.) માંથી જ હોય એ બારામાં કાફી શાફી સમઝ આપીને ગુમરાહોને હિદાયતની રાહ પર લાવવામાં અહમ ખિદમતે દીનીયાહ અંજામ આપી.

સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન (ક.રૂ.) આપના **"ઉયુનુલ અખ્બાર"** કિતાબ માંથી ઝાહિરના લોગોનાં ઈમામ, અબુ હનીફતુન્નોઅમાન બિન સાબિતથી એક રિવાયત તેહરીર ફરમાવે છે કે, અબુ હનીફાએ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નાં મોઅલ્લિમને, જે આપ (અ.સ.) ને સિન્ને સગીરમાં તાઅલીમ આપતા હતા સવાલ કીધો કે, ફલાં ફલાં અમલ અને ફેઅલ જે અમે કરીએ છીએ તે કોણે બતાવા છે ? કોણે તરફ મન્સૂબ છે ? મોઅલ્લિમે જવાબ આપવામાં ઉઝર પૈશ કીધો. ઈમામ સાદિક (અ.સ.) એ મોઅલ્લિમથી જવાબ આપવા વાસ્તે ઈજાઝત ચાહી અને તે વક્ત આપ સગીર બચ્ચા હતા. ઉસ્તાદે ઈજાઝત આપી તો આપ (અ.સ.) એ અબુ હનીફાને જવાબ દીધો કે, હવે જાણો તમે... જે કંઈ અમલ અપને કરીએ છીએ તેની ત્રણ વજેહ છે : (૧) જે અલ્લાહતઆલા તરફથી છે અને અપના તરફથી નથી. (૨) જે અપના તરફથી છે અને ખુદાતઆલા તરફથી પણ છે. (૩) જે ફક્ત અપના તરફથી છે અને અલ્લાહ તરફથી નથી. હવે જે અમલ અલ્લાહ તરફથી છે અને અપના તરફથી નથી તો તેના ઈન્કાર કરવા પર તે અપને સઝા કરી શકે છે. કેમકે, અલ્લાહતઆલાનો કોઈ શરીક નથી અને તેને કોઈની પરવા નથી. હવે જે અપના અને અલ્લાહ બેવે તરફથી છે તે વાસ્તે અલ્લાહતઆલા તમામથી કુવ્વતવાલો છે, તે કમ્ઝોરને સઝા કરી શકે છે અને અપને તેના નઝદીક ઘણા કમ્ઝોર છે. હવે જે અપના તરફથી છે અને અલ્લાહ તરફથી નથી તે અમલના વાસ્તે અપને સવાબનાં પૂરેપૂરા હક્કદાર છે, અને અગર ન કરીએ તો અઝાબના પણ હક્કદાર છે. પછી આપ (અ.સ.) એ ચંદ શેઅર પઢા. અબુ હનીફાએ આપને પૂછું કે, **અય બચ્ચા ! ગાયત કરવાની કઇ જગા છે.** આપે ફરમાવું કે, "ઘરની છત પરથી ગાયત કરવામાં પરહૈઝ કરો. ફલદાર દરખ્ત નીચે ન કરો, નહેરના વહેતા પાનીમાં ન કરો, કિબ્લાને સામને યા પીઠ દઈને ન કરો, કબર યા ઘરને નઝદીક ન કરો આ સિવાય તમેં જેમ ચાહો તે જગા પર બેસીને ફારિગ થઈ શકો છો."

આ મુજબના બેશુમાર સવાલાતો ના જવાબાત આપે બચપણમાં જ આપેલા છે. પણ ઈલ્મના ખોટા દાવેદારોએ એમાં બીજી વાતો ખલત મલત (મીલાવટ) કરીને પોતાની હવાનફસી-મનમાનીનો શિકાર થઈ અવામમાં ગલત વાતોને પહોંચાડી ને ગુમરાહ કીધા. હક્કના ઈમામોથી એઅતેરાઝ કીધો તેમની તાઅત કરવાથી રૂગરદાની કીધી જેઓને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ ખલ્ક પર હાદી અને હક્કના દીનને કાઈમ કરવા વાસ્તે ઈખ્તેયાર અને ઈન્તેખાબ કીધા હતા. અલ્લાહતઆલાનો બે ઈન્તેહા શુક્ર છે કે, અમોને હક્કની ઈમામતનાં તાબેદાર કીધા જેના સબબ ઈલ્મની દૌલત હમને મીલી અને હમારી ઝિન્દગી આરાસ્તા થઈ. ★